■ સાંસદોનો લેટેસ્ટ 'ભ્રષ્ટાચાર' ■ સચીનઃ એક બટુકજીનો બળૂકો વિક્રમ


# ચિત્રલેખા

સદા અગ્રસર સાપ્તાહિક

૨૬ ડિસેમ્બર, ૨૦૦૫ । રૂા. ૧૦-૦૦

## ઝુઉઉઉઉ.....મ!

## બાઈક ચેઝિંગનો ચરસ જેવો ચસકો!



# સાબરમતી વધારશે અમદાવાદનું સૌંદર્ય



**અગિયાર કિલોમીટર લાંબો વૉક-વે, બાગ-બગીચા, ભવ્ય શૉપિંગ મૉલ અને સાંસ્કૃતિક કેન્દ્ર... આકાર લઈ રહી છે ૧૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સાબરમતી નદીના કિનારાની કાયાપલટ કરતી એક યોજના.**

■ **કેતન** ત્રિવેદી (અમદાવાદ)

સિંગાપોરના ડેપ્યુટી કૉન્સલ જનરલ યાપ શિપ શિયા હમણાં અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. એ પહેલાં બ્રિટનની ફાઈનાન્સ કંપની *ડેલામોર ઍન્ડ ઑલ ગ્રુપ*ના ચાઈનીઝ પ્રતિનિધિઓ પણ મેગા સિટી બનવા જઈ રહેલા અમદાવાદના મહેમાન હતા. આ બન્ને દેશના મહાનુભાવોએ એમની મુલાકાત દરમિયાન શહેરની મધ્યમાંથી વહેતી સાબરમતી નદીના પટમાં લગભગ આખો દિવસ ગાળ્યો.

કોઈને પણ સવાલ થાય કે આ વિદેશી પ્રતિનિધિઓને સાબરમતી નદી જોવામાં શું રસ પડ્યો હશે?


રસ પડવાનું કારણ સાબરમતી નદી નહીં, પણ એના બન્ને કાંઠે આકાર લઈ રહેલી એક યોજના છે. આ યોજનાનું નામ છે, *સાબરમતી રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ યોજના.*

ગુજરાતની જીવાદોરી ગણાતી સરદાર સરોવર યોજના પછી આ યોજનાને રાજ્યની સૌથી વધુ મહત્ત્વાકાંક્ષી યોજના ગણાવવામાં આવે છે. આ બન્ને દેશના મહાનુભાવો પણ રિવર ફ્રન્ટ યોજનામાં મૂડીરોકાણ કરવાની શક્યતા ચકાસવા અમદાવાદની મુલાકાતે આવ્યા હતા.

*શું છે આ રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ યોજના?*

સાવ સાદી ભાષામાં કહીએ તો સાબરમતીની સાથે આખા શહેરને વિશ્વના નકશા પર મૂકવાની આ યોજના છે. અમદાવાદની મધ્યમાંથી વહેતી અને એક સમયે વર્ષના મોટા ભાગના દિવસો દરમિયાન સાવ કોરીધાકોર રહેતી સાબરમતી નદી છેલ્લાં ચારેક વર્ષથી કાળઝાળ ગરમીના દિવસોમાં પણ બેકાંઠે વહે છે. બેકાંઠે વહેવાના કારણે શહેરનું સૌંદર્ય ઔર નીખરી ઊઠ્યું છે. એવું કહેવાય છે કે રિવર ફ્રન્ટ યોજના સાબરમતીના નીખરેલા રૂપને ચાર ચાંદ લગાવી દેશે. આ યોજના પૂરી થયા પછી સાબરમતીના બેય કાંઠે દિલ બાગબાગ થઈ જાય એવો નજારો જોવા મળશે.

લગભગ ૧૫૦ વર્ષ પહેલાં વિકસાવવામાં આવેલો લંડનની થેમ્સ નદીનો કિનારો આજે એની સુંદરતા અને સુવિધાઓ માટે મશહૂર છે. મેલબોર્ન અને પેરિસ જેવાં શહેર પણ રિવર ફ્રન્ટ યોજનાના કારણે જ ઝગારા મારી રહ્યા છે. હવે વારો અમદાવાદનો છે. વિકસિત અને સમૃદ્ધ દેશોમાં આવી યોજનાની નવાઈ નથી, પરંતુ ભારતમાં રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ એ સાવ નવી વાત છે. આપણે ત્યાં નદીકિનારે ઘાટ બનાવવાની સંસ્કૃતિ અસ્તિત્વમાં હતી, પણ કોઈ નદીના કિનારાને કરોડો રૂપિયા ખર્ચીને વિકસાવવાની આ પ્રથમ યોજના છે.



*ડિઝાઈનર બિમલ પટેલ કહે છે કે આ રિવર ફ્રન્ટ બનશે અમદાવાદની નવી ઓળખ.*

યોજનાના મુખ્ય આર્કિટેક્ટ-ડિઝાઈનર અમદાવાદના બિમલ પટેલ કહે છે કે વર્ષો પહેલાં અમદાવાદના ગીચ રહેણાક વિસ્તારમાંથી પસાર થતો રિલીફ રોડ બનાવવામાં આવ્યો એ પછી અમદાવાદમાં પહેલી વાર આવા મોટા પાયે કોઈ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. અંદાજે રૂપિયા ૧૧૭૯ કરોડની આ અતિમહત્ત્વાકાંક્ષી યોજનામાં ગંદાં પાણીનો નિકાલ, પ્રદૂષણ અને નદીના પટમાં ફેલાયેલી ભયંકર ગંદકી જેવી સમસ્યાઓનો ઉકેલ તો છે જ, પણ સાથે સાથે એ ઈજનેરી પ્લાનિંગ અને કૌશલ્યનો એક નમૂનો પણ બની શકે એમ છે. હજુ તો આ યોજના હમણાં શરૂ થઈ છે, પણ શ્રેષ્ઠ પ્લાનિંગ માટે આ યોજનાને વડા પ્રધાન તરફથી *એવૉર્ડ ફૉર બેસ્ટ કન્સેપ્ટ ઈન અર્બન ડિઝાઈન ઈન ઈન્ડિયા* પ્રાપ્ત થઈ ચૂક્યો છે.

*અર્બન ડિઝાઈનના આ બેસ્ટ ગણાવવામાં આવેલા કન્સેપ્ટમાં આખરે છે શું?*

હકીકતમાં આ યોજનામાં શું છે એના કરતાં શું નથી એ કહેવું અઘરું છે. અહીં બેકાંઠે વહેતી સાબરમતીના કિનારે ફરવાના અને મનોરંજનના હેતુ માટે બાગ-બગીચા, નદીના પ્રવાહની સાથે સાથે ચાલવા વૉક-વે હશે, ઊંચી ઈમારતો અને ભવ્ય શૉપિંગ મૉલ હશે, બોટિંગની સગવડ હશે, તરતી રેસ્ટોરાં હશે અને કલ્ચરલ ઍક્ટિવિટી માટેનું સેન્ટર પણ હશે.

અમદાવાદને વિશ્વનાં વિકસિત શહેરની હરોળમાં મૂકવાની ક્ષમતા ધરાવતી આ યોજનાનો મૂળ વિચાર છેક ૧૯૬૦ના અરસામાં અમદાવાદમાં રહેતા ફ્રેન્ચ આર્કિટેક્ટ બર્નાર્ડ કોને આપેલો. યુરોપની મોટા ભાગની નદીની માફક સાબરમતી નદીના કિનારાને પણ વિકસાવી શકાય એમ વિચારીને એણે આ અંગેની એક કાચી દરખાસ્ત તે સમયે આપેલી, પણ આ કંઈ થોડા બ્રિટન કે ફ્રાન્સ જેવા દેશ હતા કે વિચાર આવે એ ક્ષણથી જ અમલની પ્રક્રિયા શરૂ થાય?

સાબરમતી રિવર ફ્રન્ટ યોજનાના મુદ્દે પણ અપેક્ષિત રીતે વર્ષો જ નહીં, દાયકાઓ સુધી વાતોનાં વડાં થયાં. ૧૯૭૬માં અમદાવાદના કેટલાક બુદ્ધિજીવીઓ ભેગા થયા અને એમણે મહાનગરપાલિકાના સત્તાવાળાઓને આ યોજના વિશે કાંઈક વિચારવાનું કહ્યું, પણ પથ્થર પર પાણી!

સમય વીતતો ગયો અને આ યોજના સાબરમતીના તળિયે જ પડી રહી. અલબત્ત, ૧૯૯૫-૯૬ પછી ફરી આ યોજના સપાટી પર આવી અને નજરે જોઈ શકાય એ રીતે કામગીરી શરૂ પણ થઈ. આ માટે જરૂરી અભ્યાસ અને જમીનસંપાદનની કામગીરી પછી એના અમલ માટે અમદાવાદ મહાનગરપાલિકાની માલિકીની *સાબરમતી રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ* નામની સ્વતંત્ર કંપની બનાવવામાં આવી. ૨૦૦૩માં અમદાવાદના તત્કાલીન મેયર-કોંગ્રેસી આગેવાન હિંમતસિંહ પટેલે મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે યોજનાનું ખાતમુહૂર્ત કરાવ્યું અને કામ આગળ ધપ્યું.

હિંમતસિંહ કહે છે:

'આ યોજનાને અમે પક્ષાપક્ષીના રાજકારણથી દૂર રાખી છે.' વર્તમાન મ્યુનિસિપલ કમિશનર અનિલ મુકીમે પણ કમિશનરપદે આવ્યા પછી આ યોજનાના વાસ્તવિક અમલીકરણમાં વધારે રસ બતાવ્યો અને પ્રારંભમાં હુડકો પાસેથી રૂપિયા ૨૦૦ કરોડની લોન લઈને કામ ચાલુ કરાવ્યું.

યોજના સાથે પહેલેથી સંકળાયેલા *અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી* (ઔડા)ના ભૂતપૂર્વ ચૅરમૅન અને ભાજપી સાંસદ સુરેન્દ્ર પટેલ કહે છે:

'નદી એ અગત્યની ભૌગોલિક સંપત્તિ છે એ વાત આપણે ત્યાં વિસરાઈ ગઈ છે ત્યારે શહેરી વિકાસમાં નદીની અગત્યતા ફરીથી પુરવાર કરવા આ યોજનાનો અમલ કરવો જરૂરી હતો. શહેરી પ્રદૂષણ ઘટાડીને પર્યાવરણસુધારાની દિશામાં મહત્ત્વની પુરવાર થનારી આ યોજના આખા અમદાવાદની સિકલ ફેરવી નાખશે.'

*કેવી રીતે ફરશે આ કાયાપલટ?*

અમદાવાદને વીંધીને ઉત્તરથી દક્ષિણ તરફ વહેતી સાબરમતી નદીના છેક નર્મદા કેનાલથી વાસણા બેરેજ સુધીના લગભગ ૨૧ કિલોમીટર જેટલા લાંબા પટને આ યોજના અંતર્ગત આવરી લેવામાં આવશે. વહેતાં પાણીથી થતાં ધોવાણના કારણે નદીનો પટ હંમેશાં બદલાતો રહે છે. અત્યારે અમદાવાદમાંથી પસાર થતી સાબરમતીના પટની પહોળાઈ સરેરાશ ૩૦૦થી ૫૦૦ મીટરની છે. વીતેલાં વર્ષોની વરસાદની પૅટર્ન અને એ પાણીના નિકાલ માટે નદીની પહોળાઈ કેટલી હોવી જોઈએ એ અંગેનો અભ્યાસ કરવામાં આવ્યા પછી નક્કી

થયું કે પાણીના પ્રવાહને વહેવા માટે નદીની પહોળાઈ ૨૮૦ મીટર હોય તે પૂરતી છે તેથી એટલી પહોળાઈ અને એ પછી પણ બન્ને તરફ થોડી ખુલ્લી જગ્યા રાખીને પાણીના પ્રવાહની સમાંતર મજબૂત દીવાલ બાંધવામાં આવશે. બે ફૂટ પહોળી અને પાણીના લેવલથી ૩૦ ફૂટ ઊંડી એવી કૉન્ક્રીટની બનેલી આ દીવાલ કાંઠાનું ધોવાણ અટકાવશે. અત્યારે સુભાષ બ્રિજથી એલિસ બ્રિજ વચ્ચેના પટવિસ્તારમાં કામ શરૂ થઈ ચૂક્યું છે. નદીના વહેણને આ રીતે બાંધ્યા પછી બન્ને કાંઠે બાકી વધતી જમીનમાં પાણીના લેવલથી લગભગ



*સાંસદ સુરેન્દ્ર પટેલઃ શહેરી વિકાસમાં નદીનું મહત્ત્વ આ યોજના સમજાવશે.*

બે ફૂટ ઉપર સરેરાશ ૧૧થી ૨૦ મીટર પહોળો પાક્કો વૉક-વે (ચાલવા માટેનો રસ્તો) બનાવવામાં આવશે. શહેરના ડફનાળા વિસ્તારથી છેક વાસણા સુધી તૈયાર થનારો સાડા અગિયાર કિલોમીટર લાંબો વૉક-વે પોતાની રીતે નવીનતમ હશે, કેમ કે નદીના કિનારે કિનારે આટલા લાંબા અંતર સુધી ચાલી શકાય એવો રસ્તો ભારતમાં બીજે ક્યાંય નહીં હોય! અમદાવાદીઓને વહેલી સવારે કે સાંજે ચાલવા માટે આવી સુવિધા બીજે ક્યાં મળી શકે?

વૉક-વેથી અમદાવાદીઓના આરોગ્યને ફાયદો થશે તો સાથે સાથે તૈયાર થઈ રહેલી ઈન્ટરસેપ્ટર સીવર એટલે કે ડ્રેનેજ પાઈપલાઈનથી શહેરના પર્યાવરણને પણ જબરદસ્ત ફાયદો થશે. અત્યારે જુદાં જુદાં ૩૬ જેટલાં નાળાં મારફતે શહેરની ગટરનું બધું ગંદું પાણી નદીમાં ઠલવાય છે. મૂળ આ નાળાં વરસાદી પાણીના નિકાલ માટે છે, પણ એમાં ગટરનાં ગેરકાયદેસર કનેક્શનો મોટા પાયે ભળી ગયાં હોવાથી શહેરની બધી જ ગંદકી નદીનાં પાણીમાં જ ઠલવાય છે! નદીના કાંઠા ખૂબસૂરત હોય, પણ નદીમાં પાણીની જગ્યાએ ગંદકી વહેતી હોય તો પછી કિનારાની સુંદરતાનો કોઈ મતલબ જ નથી એટલે કાંઠાની બાજુએ રાખેલી જગ્યામાં ભૂગર્ભમાં દીવાલને સમાંતર એટલી જ લાંબી પાઈપલાઈન નાખવામાં આવશે અને એમાં ગટરનું પાણી ઠાલવીને એનો નિકાલ કરવામાં આવશે. પરિણામે નદીમાં વહેતું પાણી ચોખ્ખું રહેશે.

નદીમાં ચોખ્ખું પાણી વહેતું હોય એટલે પછી ત્યાં બોટિંગ સહિતની અનેક સગવડો આપોઆપ ઊભી થશે. ગાંધી બ્રિજ પાસે અત્યારે વૉક-વે બનાવવાનું કામ ચાલી રહ્યું છે ત્યાં બોટિંગના હેતુસર પ્લૅટફૉર્મ પણ બનાવવામાં આવ્યું છે. આગામી પતંગોત્સવ પણ ત્યાં જ ઊજવવામાં આવશે. બોટિંગ જ નહીં, અહીં તરતી રેસ્ટોરાં, ફુવારા, રોશની જેવાં બીજાં અનેક આકર્ષણ પણ હશે. એવી જ રીતે કાંઠા પર પણ આવાં આકર્ષણ ઊભાં કરવામાં આવશે. અગિયાર મીટર પહોળો વૉક-વે તૈયાર થયા પછી મનોરંજન અને હરવાફરવાના આ બધાં સ્થળ તૈયાર થશે. સાબરમતીના તટે આવેલા ગાંધી આશ્રમની જગ્યાનું વિસ્તરણ કરીને ત્યાં સુંદર બગીચો બનાવવાનું પણ પ્લાનિંગ છે. આ યોજનાના કારણે જે પરિવારોનું પુનર્વસન કરાવવાનું છે એમના માટે પણ થોડીક જગ્યા ફાળવવામાં આવશે. એલિસ બ્રિજ અને સરદાર બ્રિજ વચ્ચે રવિવારે ભરાતી ગુજરી બજાર માટે પણ જગ્યા રાખવામાં આવશે. ઠેર ઠેર બગીચા અને હરિયાળી તો ખરી જ. અહીં શાનદાર હોટેલો બનશે અને બહુમાળી મૉલ્સ પણ ઊભા થશે. અમદાવાદ શહેરમાં અત્યારે એની ઉત્તર અને દક્ષિણ દિશાને જોડતા આશ્રમ રોડ સિવાય બીજો કોઈ રોડ અસ્તિત્વમાં નથી. આ યોજનાથી નદીના કાંઠે કાંઠે બીજો એક સમાંતર રોડ તૈયાર થશે. સાબરમતી ઉપર અત્યારે પાંચ બ્રિજ છે. વાસણાથી પીરાણા, દૂધેશ્વરથી વાડજ અને હાંસોલથી સાબરમતીને જોડતા બીજા ત્રણ નવા બ્રિજ પણ બાંધવાનું આયોજન છે, જે પૈકી વાસણાથી પીરાણા બ્રિજનું કામ શરૂ થઈ ગયું છે. બિઝનેસની શક્યતા જોયા પછી અનેક કંપનીઓએ અહીં રોકાણ કરવામાં રસ બતાવ્યો છે. *ટેલામોર ઍન્ડ ઑલ ગ્રુપ,* જેના પ્રતિનિધિઓ હમણાં મુલાકાત લઈ ગયા એ કંપનીએ ગયા વાઈબ્રન્ટ પતંગોત્સવમાં સાબરમતી રિવર ફ્રન્ટ કંપની સાથે રૂપિયા ૪૦૦ કરોડના રોકાણના કરાર કર્યા.

*રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કંપની*ના ડિરેક્ટર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કેપ્ટન દિલીપ મહાજન કહે છે:

'બન્ને કાંઠે કુલ ૧૬૮ હેક્ટર જમીન ઉપલબ્ધ થશે, જે પૈકી ૮૦ ટકા જમીન જાહેર હેતુ માટે ફાળવવામાં આવશે અને બાકીની ૨૦ ટકા જમીન વ્યાવસાયિક અને રહેણાકના હેતુ માટે રાખવામાં આવશે. એના કારણે કંપનીને આર્થિક વળતર પણ મળશે. એ રીતે આખો પ્રોજેક્ટ સેલ્ફ-ફાઈનાન્સ પ્રોજેક્ટ બનશે. અલબત્ત, ક્યાં શું કરવાનું છે એની ફાઈનલ ડિઝાઈન અત્યારે તૈયાર થઈ રહી છે.'

મહાજન ઉમેરે છે કે એક વાર વૉક-વે બની જશે પછી મનોરંજનનાં બીજાં આકર્ષણ ઊભાં થતાં વાર નહીં લાગે. આર્કિટેક્ટ બિમલ પટેલ કહે છે કે ગેટ-વે ઑફ ઈન્ડિયા એ મુંબઈ માટે એક સીમાચિહ્ન છે. અમદાવાદ પાસે અત્યારે એવું કોઈ સ્થળ નથી, જ્યાં આવીને તમને આ શહેરમાં આવ્યા હોવાનું ફીલ થાય. આ યોજના સાકાર થવાથી અમદાવાદ શહેરને પણ એક નવું સીમાચિહ્ન મળશે.

વિચાર ખોટો નથી. લંડનની થેમ્સ નદીના કિનારે *લંડન આઈ* તરીકે ઓળખાતો વિશાળ ચગડોળ છે, જેમાં બેસીને તમે આખું લંડન જોઈ શકો. બધું સમુંસૂતરું પાર પડે તો ભવિષ્યમાં શક્ય છે કે અમદાવાદીઓ પણ સાબરમતીના કિનારેથી આખું અમદાવાદ જોઈ શકશે. શરત માત્ર એટલી કે આ આખી યોજનામાં ક્યાંય રાજકારણ અને ભ્રષ્ટાચારની ગંદકી ન ભળવી જોઈએ!

■ *તસવીરોઃ પ્રજ્ઞેશ વ્યાસ*